International Journal for Multidisciplinary Research (IJFMR)
E-ISSN: 2582-2160 ● Website: www.ijfmr.com ● Email: editor@ijfmr.com

# ગુજરાતના પરિણીત દંપતીમાં માતાપિતા બનવા માટેની સજ્જતાનો કેટલાંક ચલોના સંદર્ભમાં અભ્યાસ

## ડૉ. રૂપમ બી. ઉપાધ્યાય

એસોસિએટ પ્રોફેસર (શિક્ષણશાસ્ત્ર), ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

**સારાંશ** :
શાસ્ત્રોમાં ગૃહસ્થાશ્રમની મહત્તાનો સ્પષ્ટ ઉલ્લેખ કરતા કહેવામાં આવ્યું છે કે "ધન્યો ગૃહસ્થાશ્રમઃ" અર્થાત્ ગૃહસ્થાશ્રમ ખરેખર ધન્ય છે (શાસ્ત્રી, 1952). મનુસ્મૃતિ અનુસાર ગૃહસ્થાશ્રમ માત્ર પોતાના ધર્માચરણનું સાધન જ નથી, પરંતુ અન્ય ત્રણેય આશ્રમોના પોષણનો આધાર પણ છે. यथा वायुं समाश्रित्य वर्तन्ते सर्वजन्तवः । तथा गृहस्थमाश्रित्य वर्तन्ते सर्वं आश्रमाः ॥ (શાસ્ત્રી, 1952). વિવાહ સંસ્કાર દ્વારા ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનાર દંપતી સંસ્કારિત, સંયમિત અને જવાબદાર જીવન માટે પ્રતિબદ્ધ બને છે (પાંડેય, 1949). અહીં સંતાનોત્પત્તિને એક પવિત્ર જવાબદારી માનવામાં આવી છે, જેના માટે ગર્ભાધાન સંસ્કારનું વિધાન કરવામાં આવ્યું છે (આપસ્તમ્બ, 2002). આ કારણસર ગર્ભાધાન સંસ્કારને ષોડશ સંસ્કારોમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. ઉપનિષદમાં ઉલ્લેખિત છે તે મુજબ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ વ્યક્તિ આધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત કરી જ શકે છે. છાંદોગ્ય ઉપનિષદમાં આહાર, આચરણ અને વિચારની શુદ્ધતાને આત્મઉન્નતિનું સાધન ગણાવવામાં આવ્યું છે (શંકરાચાર્ય, 2003). આથી સ્પષ્ટ થાય છે કે ગૃહસ્થાશ્રમ માત્ર સાંસારિક બંધન નહીં, પરંતુ આત્મિક વિકાસનું મહત્ત્વપૂર્ણ સાધન પણ છે. આ દૃષ્ટિએ ગૃહસ્થાશ્રમ માત્ર વ્યક્તિગત જીવનવ્યવસ્થા નહીં, પરંતુ સામાજિક વ્યવસ્થાનું પણ મેરુદંડ છે. વર્તમાન સંશોધન પરિણીત દંપતીના વિશેષ સંદર્ભમાં ઇચ્છિત સંતાન માટેની તૈયારી વિષય પર કેન્દ્રિત છે. પ્રસ્તુત સંશોધનનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતના પરિણીત દંપતીમાં માતાપિતા બનવા માટેની સજ્જતાનો અભ્યાસ કરવો, ગુજરાતના પરિણીત દંપતીમાં માતાપિતા બનવા માટેની સજ્જતાની તેમની જાતિના, વ્યવસાય અને વિદ્યાશાખાના સંદર્ભમાં તુલના કરવી. સંશોધકે હેતુઓને અનુરૂપ સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. ગુજરાત રાજ્યના પરિણીત દંપતી પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ હતા. સંશોધકે સંશોધન માટે નમૂના પસંદગીની પદ્ધતિઓ પૈકી બિનસંભાવ્ય નમૂનામાં સ્નોબોલ પદ્ધતિથી પાત્રોની 109 પસંદગી કરી હતી. સંશોધન ઉપકરણ તરીકે સજ્જતા માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં માહિતીનું વિશ્લેષણ અર્થઘટનાત્મક આકડાંશાસ્ત્રમાં મેન વ્હીટની યુ (Mann Whitney U) ટેસ્ટનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું હતું. સંશોધનના તારણો પરથી જાણવા મળે છે કે ગુજરાતના પરિણીત દંપતીઓમાં માતાપિતા બનવા માટેની સજ્જતાનું સ્તર સામાન્ય રીતે ઓછું જોવા મળે છે. અભ્યાસ કરાયેલ ચલ બાબતે

પુરુષ અને સ્ત્રી તેમજ નૌકરી અને વ્યવસાય સાથે સંકળાયેલા પરિણીત દંપતીઓ વચ્ચે કોઈ આંકડાકીય રીતે નોંધપાત્ર તફાવત જોવા મળ્યો નથી. શૈક્ષણિક પ્રવાહના સંદર્ભમાં પણ કોઈ મહત્ત્વપૂર્ણ ભિન્નતા જોવા મળતી નથી.

**ચાવીરૂપ શબ્દો** : પરિણીત દંપતી, સજ્જતા, ગૃહસ્થાશ્રમ અને તેનું મહત્ત્વ, શ્રેષ્ઠ સંતાન પ્રાપ્તિ

**પ્રસ્તાવના:**

ભારતીય સનાતન પરંપરામાં ગૃહસ્થાશ્રમને માનવ જીવનની આધારશિલા માનવામાં આવ્યો છે. ચાર આશ્રમો-બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસમાં ગૃહસ્થાશ્રમને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યું છે, કારણ કે આ આશ્રમ સમાજની આર્થિક, નૈતિક અને સાંસ્કૃતિક આવશ્યકતાઓની પૂર્તિ કરે છે. શાસ્ત્રોમાં ગૃહસ્થાશ્રમની મહત્તાનો સ્પષ્ટ ઉલ્લેખ કરતા કહેવામાં આવ્યું છે કે "ધન્યો ગૃહસ્થાશ્રમઃ" અર્થાત્ ગૃહસ્થાશ્રમ ખરેખર ધન્ય છે (શાસ્ત્રી, 1952). મનુસ્મૃતિ અનુસાર ગૃહસ્થાશ્રમ માત્ર પોતાના ધર્માચરણનું સાધન જ નથી, પરંતુ અન્ય ત્રણેય આશ્રમોના પોષણનો આધાર પણ છે.

यथा वायुं समाश्रित्य वर्तन्ते सर्वजन्तवः ।
तथा गृहस्थमाश्रित्य वर्तन्ते सर्व आश्रमाः ॥ (શાસ્ત્રી, 1952).

આ કારણે વૈદિક તથા સ્મૃતિ સાહિત્યમાં ગૃહસ્થને સમાજનો આધારસ્તંભ માનવામાં આવ્યો છે. ગૃહસ્થાશ્રમમાં રહીને વ્યક્તિ ધર્મ, અર્થ અને કામનું સંતુલિત પાલન કરતાં અંતે મોક્ષ તરફ આગળ વધે છે. હિંદુ દર્શનમાં ગૃહસ્થાશ્રમનો મુખ્ય ઉદ્દેશ માત્ર ભૌતિક સુખ નથી, પરંતુ ધર્મપૂર્વક દાંપત્ય જીવન, સંતાનોત્પત્તિ અને સમાજની સાતત્યતા જાળવવાનો છે. વિવાહ સંસ્કાર દ્વારા ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનાર દંપતી સંસ્કારિત, સંયમિત અને જવાબદાર જીવન માટે પ્રતિબદ્ધ બને છે (પાંડેય, 1949). અહીં સંતાનોત્પત્તિને એક પવિત્ર જવાબદારી માનવામાં આવી છે, જેના માટે ગર્ભાધાન સંસ્કારનું વિધાન કરવામાં આવ્યું છે (આપસ્તમ્બ, 2002). આ કારણસર ગર્ભાધાન સંસ્કારને ષોડશ સંસ્કારોમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. ઉપનિષદમાં ઉલ્લેખિત છે તે મુજબ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ વ્યક્તિ આધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત કરી જ શકે છે. છાંદોગ્ય ઉપનિષદમાં આહાર, આચરણ અને વિચારની શુદ્ધતાને આત્મઉન્નતિનું સાધન ગણાવવામાં આવ્યું છે (શંકરાચાર્ય, 2003). આથી સ્પષ્ટ થાય છે કે ગૃહસ્થાશ્રમ માત્ર સાંસારિક બંધન નહીં, પરંતુ આત્મિક વિકાસનું મહત્ત્વપૂર્ણ સાધન પણ છે. આ દૃષ્ટિએ ગૃહસ્થાશ્રમ માત્ર વ્યક્તિગત જીવનવ્યવસ્થા નહીં, પરંતુ સામાજિક વ્યવસ્થાનું પણ મેરુદંડ છે.

આધુનિક સામાજિક પરિસ્થિતિમાં, જ્યાં પારિવારિક વિઘટન, દાંપત્ય તણાવ અને મૂલ્યહીનતાના પડકારો વધી રહ્યાં છે, ત્યાં "ધન્યો ગૃહસ્થાશ્રમ"ની સંકલ્પનાનો પુનર્વિચાર અત્યંત આવશ્યક બની ગયો છે. આ સંશોધન ગૃહસ્થાશ્રમને માત્ર પરંપરા તરીકે નહીં, પરંતુ સંતુલિત જીવનદર્શન તરીકે સ્થાપિત કરવાની દિશામાં એક શૈક્ષણિક પ્રયાસ છે, જેના દ્વારા ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોના પ્રકાશમાં સ્વસ્થ વ્યક્તિ, સશક્ત પરિવાર અને શ્રેષ્ઠ સમાજના નિર્માણની સંભાવના ઊભી થાય છે. ઉપનિષદમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે માતા-પિતાના આહાર, વિચાર અને ભાવનાઓ સંતાનના માનસિક અને નૈતિક વિકાસને પ્રભાવિત કરે છે.

છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે આહારની શુદ્ધિથી સત્ત્વની શુદ્ધિ થાય છે, જેના પરિણામે સ્મૃતિ અને વિવેક સ્થિર બને છે (શંકરાચાર્ય, 2003). આ વિચાર એ વાતને સમર્થન આપે છે કે ઇચ્છિત સંતાનની પ્રાપ્તિ માટે દંપતિની માનસિક અને નૈતિક તૈયારી અત્યંત આવશ્યક છે. મનુસ્મૃતિ મુજબ જે ભાવના અને સંસ્કારો સાથે ગર્ભાધાન કરવામાં આવે છે, તે પ્રમાણેના ગુણો સંતાનમાં વિકસે છે (શાસ્ત્રી, 1952). આ સંદર્ભમાં ઇચ્છિત સંતાનની સંકલ્પના માત્ર પુત્ર કે પુત્રીની ઇચ્છા સુધી સીમિત ન રહી જતાં ગુણવાન, સંસ્કારિત અને સમાજોપયોગી સંતાનની આકાંક્ષા સાથે જોડાયેલી છે. આ દૃષ્ટિકોણ દંપતીને આત્મસંયમ, જવાબદારી અને દીર્ઘકાલીન સામાજિક પ્રભાવ પ્રત્યે જાગૃત બનાવે છે. ગર્ભોપનિષદમાં ગર્ભસ્થ શિશુના વિકાસ, ચેતના અને અનુભવોનું સૂક્ષ્મ વર્ણન પ્રાપ્ત થાય છે, જેના પરથી સ્પષ્ટ થાય છે કે વૈદિક ઋષિઓ ગર્ભકાલીન માનસિક અને આધ્યાત્મિક પ્રભાવોથી ભલીભાંતિ પરિચિત હતા (કાટદરે, 2010). ઉપરાંત વૈદિક સાહિત્યમાં બળવાન, મેધાવી અને સદ્‌ગુણી સંતાનની કામના સંદર્ભેના મંત્રો ઉપલબ્ધ છે, જે શ્રેષ્ઠ સંતાનની સંકલ્પનાને વધુ મજબૂત બનાવે છે (શર્મા યુ. 1973). તેથી વર્તમાન સંશોધન પરિણીત દંપતીના વિશેષ સંદર્ભમાં ઇચ્છિત સંતાન માટેની તૈયારી વિષય પર કેન્દ્રિત છે.

## **સંદર્ભ સાહિત્યની સમીક્ષા**:

સૈદ્ધાંતિક સમીક્ષા:

**૧. સંસ્કાર સિદ્ધાંત**: સંસ્કાર સિદ્ધાંત ભારતીય દર્શનનો એક મૂળભૂત સિદ્ધાંત છે, જે અનુસાર મનુષ્યના વ્યક્તિત્ત્વની રચના જન્મ પૂર્વથી જ શરૂ થઇ જાય છે. સંસ્કારનો અર્થ છે-મન,બુદ્ધિ અને આત્મા ઉપર પડનાર કાયમી અસર કે છાપ. આ છાપ જ વ્યક્તિના વિચાર, વર્તન અને ચારિત્ર્યને આકાર આપે છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં સોળ સંસ્કાર આ સિદ્ધાંત પર જ આધારિત હતા. આ સોળ સંસ્કારમાં ગર્ભાધાન સંસ્કાર એ પ્રથમ સંસ્કાર છે. જેનો અર્થ થાય છે-આવનાર બાળકના જીવનની દિશા ગર્ભધારણ પહેલાં જ માતાપિતાની ચેતના, તેમનું વર્તન અને પૂર્વ તૈયારીથી જ નક્કી થઇ જાય છે. (પાંડેય, 1949).

મનુ સ્મૃતિમાં સ્પષ્ટ ઉલ્લેખિત છે કે સંસ્કારો થકી વ્યક્તિને શુદ્ધ, સંયમિત અને ધર્મપરાયણ બનાવી શકાય છે. (શાસ્ત્રી, 1952). સંસ્કાર સિદ્ધાંતની સમજથી સ્પષ્ટ થાય છે કે ઇચ્છિત સંતાન પ્રાપ્તિ એ આકસ્મિક પ્રક્રિયા નથી અપિતુ એ સંસ્કારિત દામ્પત્ય જીવનનું પરિણામ છે.

**૨. ગુણ-કર્મ સિદ્ધાંત**: ગુણ-કર્મ સિદ્ધાંત અનુસાર દરેક વ્યક્તિનો સ્વભાવ અને પ્રવૃત્તિ સત્ત્વ, રજસ અને તમસ આ ત્રણેય ગુણો અને તેના કર્મોના સંયુક્ત પ્રભાવથી બને છે. મનુ સ્મૃતિ મુજબ માતા-પિતાના ગુણો, વર્તન અને કર્મ સંતાનમાં આવે છે. (શાસ્ત્રી, 1952). જો દંપતી સત્ત્વગુણ પ્રધાન જીવનશૈલી જેમ કે સંયમ, સાત્વિક આહાર, સકારાત્મક વિચાર વગેરેનું આચરણ કરે છે તો તેમનાં આવનાર સંતાનમાં પણ આવાં જ ગુણો આવવાની શક્યતા હોય છે. તેનાથી વિપરીત દંપતીના અસંયમિત અને તમોગુણયુક્ત વર્તનની સંતાનના વ્યક્તિત્ત્વ પર નકારાત્મક અસર પડે છે.

**૩. આહાર વિચાર સિદ્ધાંત**: ઉપનિષદમાં આહાર અને વિચારને મનુષ્યની ચેતનાના નિર્માણમાં મૂળભૂત ઘટક માનવામાં આવ્યા છે. છાંદોગ્ય ઉપનિષદ મુજબ "આહારની શુદ્ધિથી સત્ત્વની શુદ્ધિ થાય છે" અને સત્ત્વની શુદ્ધિથી સ્મૃતિ અને વિવેક વિકસે છે. (શંકરાચાર્ય, 2003). આ સિદ્ધાંત માત્ર શારિરીક પોષણ સુધી

સીમિત નથી, અપિતુ માનસિક અને ભાવનાત્મક પોષણ પણ તેમાં સામેલ છે. ગર્ભાધાન પૂર્વે અને ગર્ભાવસ્થા દરમિયાન માતા-પિતાના વિચારો, ભાવનાઓ અને માનસિક સ્થિતિ ગર્ભસ્થ શિશુની ચેતનાને અસર કરે છે. ગુણ-કર્મનાં સિદ્ધાંતથી ખ્યાલ આવે છે કે ઇચ્છિત સંતાન માટે શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે માનસિક શુદ્ધતા પણ જરૂરી છે. (શંકરાચાર્ય, 2003)

ગર્ભકાલીન ચેતના સિદ્ધાંત: ગર્ભોપનિષદમાં ગર્ભસ્થ શિશુના વિકાસનું અતિસૂક્ષ્મ અને વૈજ્ઞાનિક વર્ણન જોવા મળે છે. ગર્ભસ્થ શિશુ માત્ર શારીરિક રૂપે જ નહીં અપિતુ માનસિક અને ભાવનાત્મક રૂપે પણ સંવેદનશીલ હોય છે. (કાટદરે, 2010). ગર્ભોપનિષદ મુજબ ગર્ભાવસ્થા દરમિયાન માતાની ભાવનાઓ, માનસિક સ્વાસ્થ્ય અને વાતાવરણ શિશુની ચેતના ઉપર ઊંડી અસર કરે છે. આધુનિક પ્રિ-નેટલ સાયકોલોજીમાં પણ આ જ સંકલ્પના જોવા મળે છે.

## પૂર્વે થયેલા સંશોધનની સમીક્ષા:

ગર્ભાધાન પૂર્વે સંભાળ (Preconception Care: PCC-પીસીસી) અને સ્વાસ્થ્યને માતા, ભ્રૂણ અને દીર્ઘકાલીન જનસ્વાસ્થ્ય પરિણામોમાં સુધારો લાવવા માટે એક અગત્યની જાહેર સ્વાસ્થ્ય હસ્તક્ષેપ સેવાઓના સ્વરૂપે વ્યાપકરૂપે માન્યતા મળી રહી છે. ગર્ભાધાન પૂર્વે જૈવિક, વર્તનાત્મક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક સ્વાસ્થ્યના પરિબળોને ધ્યાનમાં રાખીને આપવામાં આવતી સંભાળ, પ્રજનન સ્વાસ્થ્ય અને પેઢી દર પેઢી સુખાકારી માટે જીવન-ચક્ર આધારિત અભિગમને મજબૂત કરે છે. (ડીન અને અન્ય., 2014; સેન્ટ ક્લેર અને અન્ય., 2016). સંશોધન દર્શાવે છે કે સુવ્યવસ્થિત અને પ્રમાણ આધારિત હસ્તક્ષેપો જોખમકારક પરિબળોને ઘટાડવામાં, સ્વાસ્થ્ય સમાનતાને વધારવામાં અને ગર્ભાવસ્થાના પરિણામોને સુધારવામાં મદદરૂપ થાય છે. તેમ છતાં, સ્વાસ્થ્ય પ્રણાલીઓમાં જાગૃતિ, ઉપલબ્ધતા, અમલીકરણ તથા અસરકારકતાના સ્તરે હજુ પણ નોંધપાત્ર ખામીઓ જોવા મળે છે.

ગર્ભાધાન પૂર્વેની સંભાળના અસરકારક અમલીકરણ માટે જનરલ ફીજીશિયન અને પ્રાથમિક આરોગ્ય સેવાઓ આપનાર કાર્યકર્તાઓની ભૂમિકા મુખ્ય હોય છે. જોકે, વિવિધ અભ્યાસો દર્શાવે છે કે ક્લિનિકલ પ્રેક્ટિસમાં પીસીસીનો નિયમિત અને માળખાગત સમાવેશ મર્યાદિત છે. ઓજુકવું અને અન્ય (2016) મુજબ, તબીબો ગર્ભધારણ પહેલાં આરોગ્ય સુધારવાના મહત્ત્વને સ્વીકારે છે, પણ ઔપચારિક માર્ગદર્શિકાઓનો ઉપયોગ ખૂબ ઓછો છે. ગર્ભાધાન પૂર્વેની સંભાળ મોટાભાગે અવસર આધારિત હોય છે અને મુખ્યત્વે પહેલેથી જ સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ ધરાવતી મહિલાઓ સુધી મર્યાદિત રહે છે, જ્યારે સ્વસ્થ વ્યક્તિઓ તથા પુરુષોની સંભાળ પર ઓછું ધ્યાન આપવામાં આવે છે.

હુસૈન અને અન્ય (2016)ના અભ્યાસ મુજબ, સ્વાસ્થ્ય સંદર્ભેની જાગૃતિ, આત્મ-પ્રભાવિતા અને નિવારક વર્તનમાં સુધારો કરવામાં, ખાસ કરીને ફોલિક એસિડનું સેવન અને આલ્કોહોલ ઘટાડવાના સંદર્ભમાં પ્રાથમિક સ્વાસ્થ્ય આધારિત હસ્તક્ષેપો મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમ છતાં, ગર્ભાવસ્થાના સુધારેલા પરિણામોને સમર્થન આપતા પુરાવા હજુ પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. અસરકારક અમલીકરણમાં મુખ્ય અવરોધોમાં મર્યાદિત પરામર્શ સમય, નાણાંકીય સમસ્યાઓ, વ્યાવસાયિક પ્રશિક્ષણની અછત તથા દર્દીઓમાં ઓછી જાગૃતિ અને માંગનો સમાવેશ થાય છે (ઓજુકવું અને અન્ય 2016; હુસૈન અને અન્ય

2016). આ તારણો ગર્ભાધાન પૂર્વેની સંભાળની સેવાઓને વધુ અસરકારક બનાવવા માટે માળખાકીય સુધારા, ઉન્નત વ્યાવસાયિક શિક્ષણ-પ્રશિક્ષણ તેમજ બહુ-શાખાકીય સહયોગની અનિવાર્યતા પર ભાર મૂકે છે.

શારીરિક પ્રવૃત્તિ માતૃત્વ, ભ્રૂણ અને શિશુ સ્વાસ્થ્ય માટે મહત્ત્વપૂર્ણ પરિબળ છે. સિસોન્સ અને અન્ય (2020) મુજબ, પ્રાથમિક આરોગ્ય સેવા આપનાર કાર્યકર્તાઓ તેની મહત્તાને સ્વીકારે છે, પરંતુ નિયમિત માર્ગદર્શન આપવામાં અસમર્થ રહે છે. સમયની અછત, વ્યાવસાયિક ભૂમિકાઓની અસ્પષ્ટતા અને વર્તન પરિવર્તન પરામર્શમાં આત્મવિશ્વાસનો અભાવ મુખ્ય કારણો છે (માઝા અને અન્ય, 2013; સિસોન્સ અને અન્ય, 2020). Theoretical Domains Framework જેવાં સૈદ્ધાંતિક મોડેલો વર્તનાત્મક પરિબળોની ઓળખ અને હસ્તક્ષેપ વિકાસમાં મદદરૂપ થાય છે. (કેન અને અન્ય, 2012). તેથી, પ્રશિક્ષણ કાર્યક્રમોને મજબૂત બનાવવા અને સમુદાય રેફરલ સેવાઓને એકીકૃત કરવાથી શારીરિક પ્રવૃત્તિને અસરકારક બનાવી શકાય છે.

ગર્ભાધાન પૂર્વે સ્વાસ્થ્ય વર્તન પ્રત્યે જવાબદારીની ધારણા પર સામાજિક અને સાંસ્કૃતિક જાતીય માનદંડોનો પ્રભાવ છે. મેલો અને અન્ય (2020) મુજબ, મહિલાઓને પ્રજનન આરોગ્યની સંભાળ રાખનાર મુખ્ય વ્યક્તિ તરીકે જોવામાં આવે છે, જે જૈવિક, નૈતિક અને સામાજિક ઔચિત્ય પર નિર્ભર કરે છે. મહિલાઓ આ વર્તનને "સદાચાર માતૃત્ત્વ"ની જવાબદારીરૂપે સ્વીકારે છે, જ્યારે પુરુષોની ભૂમિકા સહાયક કે ગૌણ માનવામાં આવે છે. સમાન જવાબદારીની વિચારધારા ધીમે ધીમે વિકસતી હોવા છતાં, પરંપરાગત માન્યતાઓ, જાગૃતિનો અભાવ અને સામાજિક અપેક્ષાઓ પુરુષોની સમાન સહભાગિતામાં અવરોધરૂપ છે. એટલે જ લિંગ-સંવેદનશીલ અને પરિવર્તનશીલ સ્વાસ્થ્ય સંચાર વ્યૂહરચનાઓનો વિકાસ મહત્ત્વપૂર્ણ છે.

મનોચિકિત્સાત્મક તણાવ પ્રજનન સ્વાસ્થ્યને અસર કરે છે. જે જૈવિક તંત્ર દ્વારા ગર્ભાવસ્થાના પરિણામોને અસર કરે છે. ઓર્ટા અને અન્ય (2019) ના અભ્યાસ મુજબ, વાળના કોર્ટિસોલના સ્તરનો ઉપયોગ ક્રોનિક તણાવના જૈવિક સૂચક તરીકે કરવામાં આવ્યો હતો અને જાણવા મળ્યું હતું કે ગર્ભાવસ્થા પહેલાં અને ગર્ભાવસ્થાના પ્રારંભિક સમયગાળા દરમિયાન તણાવ-સંબંધિત અસરો સૌથી વધુ સ્પષ્ટ રીતે દેખાય છે. ઓછું શૈક્ષણિક સ્તર અને ચિંતાના લક્ષણો સામાજિક અને માનસિક નબળાઈને પ્રતિબિંબિત કરે છે. તેથી પીસીસી કાર્યક્રમોમાં માનસિક આરોગ્ય તપાસ, તણાવ વ્યવસ્થાપન અને સામાજિક સહાય સેવાઓનો સમાવેશ જરૂરી છે.

આનુવાંશિક તકનીકોમાં પ્રગતિએ ગર્ભાધાન પૂર્વે આનુવાંશિક તપાસની શક્યતાઓ વધી છે. એકસ્ટ્રાન્ડ રાગનાર અને અન્ય (2016)ના મતે, સ્વીડિશ માતાપિતામાં રસનું પ્રમાણ આ સંદર્ભે મધ્યમ જોવા મળ્યું હોવા છતાં, નૈતિક દ્વિધાઓ, માનસિક દબાણ અને સામાજિક અસર અંગે નોંધપાત્ર ચિંતા પણ છે. સ્વીડિશ માતાપિતામાં મધ્યમ રસ દર્શાવ્યો હતો, તેની સાથે ઉચ્ચ સ્તરની અનિશ્ચિતતા અને નૈતિક ચિંતા પણ હતી. આ પરિણામો સ્વાયત્ત નિર્ણય લેવાને સમર્થન આપવા માટે આનુવાંશિક સ્ક્રીનીંગ કાર્યક્રમોમાં સંતુલિત કાઉન્સેલિંગ, જાગૃતિપૂર્વકની સંમતિ અને સાંસ્કૃતિક રીતે સંવેદનશીલ સંદેશાવ્યવહારના મહત્ત્વ પર ભાર મૂકે છે.

કિશોરાવસ્થા એ ભવિષ્યના પ્રજનન સ્વાસ્થ્યનો પાયો નાખવાનો એક મહત્ત્વપૂર્ણ તબક્કો છે. એકસ્ટ્રાન્ડ રાગનાર (2018) અનુસાર, કિશોરો ગર્ભાધાન પૂર્વેના સ્વાસ્થ્યને મહત્ત્વપૂર્ણ માને છે, પરંતુ તેઓ તેને તેમના

વર્તમાન જીવનથી દૂર અને અપ્રસ્તુત માને છે. તેમનું જ્ઞાન ઘણીવાર અપૂર્ણ અને ખંડિત હોય છે. શાળાના પાઠ્યક્રમોમાં પ્રજનન અને પીસીસી શિક્ષણનો સમાવેશ લાંબાગાળાના લાભ આપી શકે છે.

**પોએલ્સ અને અન્ય (2018)** દ્વારા કરવામાં આવેલો એક અભ્યાસ દર્શાવે છે કે દારૂના સેવનને ઘટાડવાના સંદર્ભમાં સ્થાનિક રીતે ચલાવવામાં આવતા પ્રમોશનલ ઝુંબેશ જીવનશૈલીમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે. આ સંશોધન સમુદાય જોડાણ અને માળખાગત સેવા માર્ગોના મહત્ત્વ પર ભાર મૂકે છે.

**સેન્ટ ફ્લુર અને અન્ય (2016)** એ સંશોધનમાં પ્રમાણિત કર્યું કે સામાજિક અસમાનતા, ક્રોનિક તણાવ અને પ્રતિકૂળ જીવનના અનુભવો પેઢી દર પેઢી સ્વાસ્થ્ય અસમાનતાઓમાં ફાળો આપે છે. એપિજેનેટિક પદ્ધતિઓ આ અસરો માટે વૈજ્ઞાનિક સમજૂતી આપે છે. તેથી, એક વ્યાપક, બહુ-પરિમાણીય અને નીતિ-સમર્થિત મોડેલની જરૂર છે.

**મેલ્ટઝર-બ્રોડી અને જોન્સ (2015)** એ પેરીનેટલ મૂડ ડિસઓર્ડરના સંચાલનમાં વ્યક્તિગત, સંકલિત અને બહુ-શાખાકીય સંભાળના મહત્ત્વ પર ભાર મૂક્યો છે. સારવાર અને દવાના જોખમોને સંતુલિત કરવા માટે ભેગા મળીને નિર્ણય લેવાની જરૂર છે. માતા અને બાળકની સુખાકારી માટે માનસિક સ્વાસ્થ્ય સેવાઓનું પીસીસીમાં એકીકરણ કરવું જરૂરી છે.

સમગ્ર રીતે, ગર્ભાધાન પૂર્વેનું સ્વાસ્થ્ય - જૈવિક, માનસિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોની જટિલ ક્રિયાથી બનેલું છે. તેમ છતાં, તેનું અમલીકરણ અસંગઠિત અને અસમાન છે. ભવિષ્યની નીતિઓમાં માનકીકૃત માર્ગદર્શિકાઓનો અસરકારક પ્રચાર-પ્રસાર, વ્યાવસાયિક પ્રશિક્ષણ, પ્રારંભિક આરોગ્ય શિક્ષણ, સમુદાય સહભાગિતા અને માનસિક આરોગ્ય એકીકરણને પ્રાથમિકતા આપવી જોઈએ. જીવન-ચક્ર આધારિત સમગ્ર વ્યૂહરચનાઓ માતૃત્વ, શિશુ અને જનસમૂહના સ્વાસ્થ્યમાં સ્થાયી અને વ્યાપક સુધાર સુનિશ્ચિત કરી શકે તેમ છે.

**સંશોધન અવકાશ**:

ઉપરોક્ત સંદર્ભ સાહિત્યની સમીક્ષા પરથી સ્પષ્ટ થાય છે કે ગર્ભાધાન પૂર્વેની સંભાળ અને સ્વાસ્થ્ય વિષયક સંશોધન આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપક રીતે કરવામાં આવ્યું છે. વિવિધ અભ્યાસોએ પ્રાથમિક આરોગ્ય સેવાઓ, શારીરિક પ્રવૃત્તિ, લિંગ આધારિત જવાબદારી, માનસિક તણાવ, આનુવાંશિક તપાસ, કિશોર શિક્ષણ, સમુદાય આધારિત હસ્તક્ષેપો તથા પેઢી દર પેઢી અસરો જેવાં પાસાઓ પર મહત્ત્વપૂર્ણ માહિતી પૂરી પાડી છે. તેમ છતાં, આ સંશોધનો મુખ્યત્વે પશ્ચિમી દેશો અને વિકસિત સ્વાસ્થ્ય તંત્ર સુધી મર્યાદિત રહ્યાં છે.

ભારતીય સંદર્ભમાં, ખાસ કરીને ગુજરાત રાજ્યના સંદર્ભમાં, પરિણીત દંપતીઓની માતાપિતા બનવા માટેની શારીરિક, પ્રાણિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક સજ્જતા અંગે વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક અધ્યયનો ખૂબ ઓછા ઉપલબ્ધ છે અથવા ઉપલબ્ધ નથી. અત્યાર સુધીના અભ્યાસોમાં મુખ્યત્વે આરોગ્ય સેવાઓના માળખાં, ગર્ભાવસ્થાના પરિણામો અથવા માતૃત્વ સ્વાસ્થ્ય પર ભાર મૂકવામાં આવ્યો છે, જ્યારે માતાપિતા બનવા માટે પૂર્વ તૈયારી અને સજ્જતાનું સમગ્ર મૂલ્યાંકન ઓછું કરવામાં આવ્યું છે. એટલે કે, ગુજરાતના પરિણીત દંપતીઓમાં માતાપિતા બનવા માટેની સજ્જતાનો જાતિ, વ્યવસાય અને શૈક્ષણિક વિદ્યાશાખાના

સંદર્ભમાં વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત રીતે અધ્યયન કરવાનો સ્પષ્ટ સંશોધન અવકાશ પ્રસ્તુત સાહિત્યની સમીક્ષામાં જોવા મળે છે. આ અવકાશ પૂર્ણ કરીને, પ્રસ્તુત સંશોધન સ્થાનિક સ્તરે ઉપયોગી માહિતી પ્રદાન કરશે, જે ભવિષ્યમાં અસરકારક ગર્ભાધાન પૂર્વે સંભાળના કાર્યક્રમો, નીતિ આયોજન અને જનજાગૃતિના વિકાસમાં માર્ગદર્શનરૂપ સાબિત થઈ શકે છે.

**સમસ્યા કથન**: ગુજરાતના પરિણીત દંપતીમાં માતાપિતા બનવા માટેની સજ્જતાનો કેટલાંક ચલોના સંદર્ભમાં અભ્યાસ

## હેતુઓ:

1. ગુજરાતના પરિણીત દંપતીમાં માતાપિતા બનવા માટેની સજ્જતાનો અભ્યાસ કરવો.
2. ગુજરાતના પરિણીત દંપતીમાં માતાપિતા બનવા માટેની સજ્જતાની તેમની જાતિના સંદર્ભમાં તુલના કરવી.
3. ગુજરાતના પરિણીત દંપતીમાં માતાપિતા બનવા માટેની સજ્જતાની તેમનાં વ્યવસાયના પ્રકારના સંદર્ભમાં તુલના કરવી.
4. ગુજરાતના પરિણીત દંપતીમાં માતાપિતા બનવા માટેની સજ્જતાની તેમનાં વિદ્યાશાખાના સંદર્ભમાં તુલના કરવી.

## ઉત્કલ્પના:

1. પુરુષ અને સ્ત્રી પરિણીત દંપતીએ "સજ્જતા માપદંડ" પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
2. નૌકરી અને વ્યવસાય કરતાં પરિણીત દંપતીએ "સજ્જતા માપદંડ" પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.
3. કોમર્સ અને આર્ટ્સ વિદ્યાશાખાના પરિણીત દંપતીએ "સજ્જતા માપદંડ" પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.
4. સાયન્સ અને આર્ટ્સ વિદ્યાશાખાના પરિણીત દંપતીએ "સજ્જતા માપદંડ" પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.
5. કોમર્સ અને સાયન્સ વિદ્યાશાખાના પરિણીત દંપતીએ "સજ્જતા માપદંડ" પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

## સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર:

આ સંશોધનમાં દંપતી એ સજ્જતા માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકો પરતંત્ર ચલ અને જાતિ, વ્યવસાયનો પ્રકાર અને વિદ્યાશાખાને સ્વતંત્ર ચલ તરીકે લેવામાં આવ્યા હતા. આ સંશોધન ગુજરાત રાજ્યના પરિણીત દંપતી સુધી સીમિત રાખવામાં આવ્યું હતું. સંશોધકે હેતુઓને અનુરૂપ સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. ગુજરાત રાજ્યના પરિણીત દંપતી પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ હતા. સંશોધકે સંશોધન માટે નમૂના પસંદગીની પદ્ધતિઓ પૈકી બિનસંભાવ્ય નમૂનામાં સ્નોબોલ પદ્ધતિથી 109 પાત્રોની પસંદગી કરી હતી.

International Journal for Multidisciplinary Research (IJFMR)
E-ISSN: 2582-2160 ● Website: www.ijfmr.com ● Email: editor@ijfmr.com

સંશોધન ઉપકરણ તરીકે સજ્જતા માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં સજ્જતા એટલે જે પરિણીત દંપતી માતાપિતા બનવા માટેની વિચારણા કરી રહ્યાં તેઓ શારીરિક, પ્રાણિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક રીતે કેટલા તૈયાર તેનો અભ્યાસ કરવા માટે પંચકોશ વ્યક્તિત્ત્વ સિદ્ધાંત આધારિત ‘સજ્જતા માપદંડ’ બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ નિદર્શ પાસેથી માહિતી એકત્રિત કરવા માટે વિવિધ યુનિવર્સિટી, કોલેજ અને સંસ્થાઓની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન માપદંડ ભરાવવા માટે પરિણીત વ્યક્તિઓની માહિતી મેળવવામાં આવી હતી. ત્યારબાદ તેમને માપદંડ ભરવા માટેની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત આ માપદંડ તેમના જીવનસાથી પાસેથી ભરાવવા માટે ઘરે આપવામાં આવી હતી. માપદંડ પરત લેવા માટે ત્રણ થી ચાર દિવસ બાદ પુન: તેમનો સંપર્ક કરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. આ ઉપરાંત સામાજિક કાર્યક્રમો મારફતે પણ પરિણીત દંપતીની ઓળખ કરીને તેમને માપદંડ ભરવા માટેની સમજ આપવામાં આવી હતી. આમ પાત્રોની પસંદગી સ્નોબોલ પદ્ધતિથી કરવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક રચિત સજ્જતા માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ માપદંડ માટે પાંચ ઘટકો નક્કી કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત સંશોધનમાં સજ્જતાનો અર્થ જે દંપતી સંતાન પ્રાપ્તિ માટેની તૈયારી કરી રહ્યાં હોય અથવા એવા નવદંપતી કે જે ભવિષ્યમાં સંતાન પ્રાપ્તિની વિચારણા કરી રહ્યાં હોય તેવાં દંપતીની શારિરીક, પ્રાણિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક સ્તરે કેટલી તૈયારી છે તેવો થાય છે. આ માટે સંશોધકે અન્નમયકોશ, પ્રાણમયકોશ, મનોમયકોશ, વિજ્ઞાનમયકોશ અને આનંદમયકોશ આ પાંચ ઘટકો નક્કી કરવામાં આવ્યા હતા. આ માટે તૈતરીય ઉપનિષદના પંચકોશ વ્યક્તિત્વનો સિદ્ધાંતનો આધાર લેવામાં આવ્યો હતો. માહિતી એકત્રીકરણ માટે પરિણીત દંપતી પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**માહિતી પૃથક્કરણ અને અર્થઘટન**:

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ અર્થઘટનાત્મક આકડાંશાસ્ત્રમાં મેન વ્હીટની યુ (Mann Whitney U) ટેસ્ટનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું હતું.

હેતુ-૧. ગુજરાતના પરિણીત દંપતીમાં માતાપિતા બનવા માટેની સજ્જતાનો અભ્યાસ કરવો.

સંશોધકે મધ્યસ્થ +/- પ્રમાણ વિચલન (Mean +/- SD) સૂત્રનો ઉપયોગ કરીને સજ્જતા માપદંડને ત્રણ કક્ષામાં વર્ગીકૃત કર્યું હતું. Mean-SD કરતાં એટલે કે (198.60-13.104) કરતાં ઓછા પ્રાપ્તાંકો ધરાવતાં પાત્રોને નિમ્ન સજ્જતા ધરાવતાં વર્ગમાં મૂક્યાં હતાં. તેવી જ રીતે Mean+SD કરતાં એટલે કે (198.60+13.104) કરતાં વધુ પ્રાપ્તાંકો ધરાવતા પાત્રોને ઉચ્ચ સજ્જતા ધરાવતાં વર્ગમાં મૂક્યાં હતાં. આ બન્ને વચ્ચેના પ્રાપ્તાંકો ધરાવતા એટલે કે (185.50 થી 211.71) પાત્રોને મધ્યમ સજ્જતા ધરાવતાં વર્ગમાં મૂક્યાં હતાં. સજ્જતાના સ્તર અનુસાર પાત્રોનું વર્ગીકરણ સારણીમાં રજૂ કરવામાં આવ્યું છે.

### સારણી-૧
### ગુજરાતના પરિણીત દંપતીમાં માતાપિતા બનવા માટેની સજ્જતાનું સ્તર

| ક્રમ | સજ્જતાનું સ્તર | પ્રાપ્તાંક | પ્રાપ્તાંકની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|
| 1 | ઉચ્ચ | 211.71 થી વધુ | 25 | 22.93 |
| 2 | મધ્યમ | 185.50 થી 211.71 | 69 | 13.77 |
| 3 | નિમ્ન | 185.50થી ઓછા | 15 | 63.3 |
| કુલ | | | 109 | 100 |

સારણીના આધારે કહી શકાય કે પરિણીત દંપતીમાં ૨૨.૯૩% દંપતીઓ સંતાન પ્રાપ્તિ સંદર્ભે ઉચ્ચ સજ્જતા ધરાવતા હતા. ૧૩.૭૭% દંપતીઓ મધ્યમ સજ્જતા ધરાવતા હતા જ્યારે ૬૩.૩ % દંપતી નિમ્ન સજ્જતા ધરાવતા હતા.

Ho1 પુરુષ અને સ્ત્રી પરિણીત દંપતીએ "સજ્જતા માપદંડ" પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

### સારણી-૨
### પરિણીત પુરુષ અને સ્ત્રીઓએ "સજ્જતા માપદંડ" પર મેળવેલ પ્રાપ્તાંકોનું U મૂલ્ય દર્શાવતી સારણી

Test Statistics

| | Total |
|---|---|
| Mann-Whitney U | 1345.500 |
| Wilcoxon W | 3691.500 |
| Z | -.304 |
| Asymp. Sig. (2-tailed) | .761 |

a. Grouping Variable: Gender

Ranks

| જાતિ | N | Mean Rank | Sum of Ranks |
|---|---|---|---|
| પુરુષ | 41 | 56.18 | 2303.50 |
| સ્ત્રી | 68 | 54.29 | 3691.50 |
| Total | 109 | | |

બે સ્વતંત્ર સમૂહો વચ્ચે આપેલ ચલ વચ્ચે તફાવત છે કે નહીં તે તપાસવા માટે Mann–Whitney U ટેસ્ટ કરવામાં આવ્યો. સારણી-૨ અનુસાર પરિણીત પુરુષ અને સ્ત્રીઓએ સજ્જતા માપદંડ પર મેળવેલ સરાસરી ક્રમાંક અનુક્રમે 56.18 અને 54.29 છે. બન્ને સમૂહોના સરેરાશ ક્રમોમાં બહુ ઓછો તફાવત જોવા મળે છે, જે પ્રાથમિક રીતે સમાનતા સૂચવે છે. સારણી મુજબ, Mann-Whitney U = 1345.50, Z મૂલ્ય = −0.304, અને *p* મૂલ્ય 0.761 છે. પ્રાપ્ત થયેલું *p* મૂલ્ય (0.761) 0.05 કરતાં વધારે હોવાથી પરિણામ આંકડાકીય રીતે મહત્વપૂર્ણ નથી.

આમ, $p > 0.05$ હોવાથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો નથી. એટલે કે, અભ્યાસ કરાયેલ ચલ બાબતે પુરુષ અને સ્ત્રી વચ્ચે કોઇ નોંધપાત્ર તફાવત જોવા મળતો નથી.

Ho2 નૌકરી અને વ્યવસાય કરતાં પરિણીત દંપતીએ "સજ્જતા માપદંડ" પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સારણી-૩**

**નૌકરી અને વ્યવસાય કરતાં પરિણીત દંપતીઓએ પંચકોશ વિકાસ માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોનું U મૂલ્ય દર્શાવતી સારણી**

Ranks

| આવકનો સ્રોત | N | Mean Rank | Sum of Ranks |
|---|---|---|---|
| નૌકરી | 50 | 61.42 | 3071.00 |
| વ્યવસાય | 59 | 49.56 | 2924.00 |
| Total | 109 | | |

Test Statistics

| | Total |
|---|---|
| Mann-Whitney U | 1154.000 |
| Wilcoxon W | 2924.000 |
| Z | -1.954 |
| Asymp. Sig. (2-tailed) | .051 |

a. Grouping Variable: Source of Income

બે સ્વતંત્ર સમૂહો વચ્ચે આપેલ ચલ વચ્ચે તફાવત છે કે નહીં તે તપાસવા માટે Mann–Whitney U ટેસ્ટ કરવામાં આવ્યો. સારણી-૩ અનુસાર નૌકરી અને વ્યવસાય કરતાં પરિણીત દંપતીઓએ પંચકોશ વિકાસ માપદંડ પર મેળવેલ સરાસરી ક્રમાંક અનુક્રમે 61.42 અને 49.26 છે. Mean Rankમાં દેખીતો તફાવત સૂચવે છે કે વ્યવસાય કરતાં પરિણીત દંપતીઓ કરતાં નૌકરી કરતા પરિણીત દંપતીઓએ મેળવેલ ક્રમાંક સરાસરી પ્રાપ્તાંકો વધુ છે. સારણી મુજબ, Mann–Whitney U = 1154.00, Z મૂલ્ય = -1.954, અને $p$ મૂલ્ય 0.051 છે. પ્રાપ્ત થયેલું $p$ મૂલ્ય (0.051) 0.05 કરતાં થોડું વધારે હોવાથી પરિણામ સીમાવર્તી પરંતુ આંકડાકીય રીતે મહત્ત્વપૂર્ણ નથી.

આમ, $p > 0.05$ હોવાથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો નથી. એટલે કે, અભ્યાસ કરાયેલ ચલ બાબતે નૌકરી અને વ્યવસાય કરતાં પરિણીત દંપતીઓ વચ્ચે કોઇ નોંધપાત્ર તફાવત જોવા મળતો નથી. અભ્યાસ કરાયેલ ચલ બાબતે આંકડાકીય રીતે નોંધપાત્ર તફાવત જોવા મળતો નથી, જો કે તફાવતની વૃત્તિ જોવા મળે છે.

Ho3 કોમર્સ અને આર્ટ્સ વિદ્યાશાખાના પરિણીત દંપતીએ "સજ્જતા માપદંડ" પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

## સારણી-૪
## આટ્સ અને કોમર્સ વિદ્યાશાખાના પરિણીત દંપતીઓએ પંચકોશ વિકાસ માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોનું U મૂલ્ય દર્શાવતી સારણી

Ranks

| | વિદ્યાશાખા | N | Mean Rank | Sum of Ranks |
|---|---|---|---|---|
| Total | આટ્સ | 33 | 37.32 | 1231.50 |
| | કોમર્સ | 39 | 35.81 | 1396.50 |
| | Total | 72 | | |

Test Statistics[a]

| | Total |
|---|---|
| Mann-Whitney U | 616.500 |
| Wilcoxon W | 1396.500 |
| Z | -.305 |
| Asymp. Sig. (2-tailed) | .760 |

a. Grouping Variable: Discipline

બે સ્વતંત્ર સમૂહો વચ્ચે આપેલ ચલ વચ્ચે તફાવત છે કે નહીં તે તપાસવા માટે Mann–Whitney U ટેસ્ટ કરવામાં આવ્યો. સારણી-૪ અનુસાર આટ્સ અને કોમર્સ વિદ્યાશાખાના પરિણીત દંપતીઓએ પંચકોશ વિકાસ માપદંડ પર મેળવેલ સરાસરી ક્રમાંક અનુક્રમે 37.32 અને 35.81 છે. બન્ને સમૂહોના સરેરાશ ક્રમોમાં બહુ ઓછો તફાવત જોવા મળે છે, જે પ્રાથમિક રીતે સમાનતા સૂચવે છે. સારણી મુજબ, Mann–Whitney U = 616.50, Z મૂલ્ય = -.305, અને *p* મૂલ્ય 0.760 છે. પ્રાપ્ત થયેલું *p* મૂલ્ય (0.760) 0.05 કરતાં વધારે હોવાથી પરિણામ આંકડાકીય રીતે મહત્વપૂર્ણ નથી.

આમ, $p > 0.05$ હોવાથી શૂન્ય ઉત્કલ્પનાને અસ્વીકાર થતો નથી. એટલે કે, અભ્યાસ કરાયેલ ચલ બાબતે આટ્સ અને કોમર્સ વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત જોવા મળતો નથી.

Ho4 સાયન્સ અને આટ્સ વિદ્યાશાખાના પરિણીત દંપતીએ "સજ્જતા માપદંડ" પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

## સારણી-૫
## આટ્સ અને સાયન્સ વિદ્યાશાખાના પરિણીત દંપતીઓએ પંચકોશ વિકાસ માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોનું U મૂલ્ય દર્શાવતી સારણી

Ranks

| | Discipline | N | Mean Rank | Sum of Ranks |
|---|---|---|---|---|
| Total | આટ્સ | 33 | 32.91 | 1086.00 |
| | સાયન્સ | 37 | 37.81 | 1399.00 |
| | Total | 70 | | |

| Test Statistics[a] | |
|---|---|
| | Total |
| Mann-Whitney U | 525.000 |
| Wilcoxon W | 1086.000 |
| Z | -1.007 |
| Asymp. Sig. (2-tailed) | .314 |
| a. Grouping Variable: Discipline | |

બે સ્વતંત્ર સમૂહો વચ્ચે આપેલ ચલ વચ્ચે તફાવત છે કે નહીં તે તપાસવા માટે Mann–Whitney U ટેસ્ટ કરવામાં આવ્યો. સારણી-૫ અનુસાર આર્ટ્સ અને સાયન્સ વિદ્યાશાખાના પરિણીત દંપતીઓએ પંચકોશ વિકાસ માપદંડ પર મેળવેલ સરાસરી ક્રમાંક અનુક્રમે 32.91 અને 37.81 છે. બન્ને સમૂહોના સરેરાશ ક્રમોમાં થોડો તફાવત જોવા મળે છે, જે પ્રાથમિક રીતે થોડો તફાવત સૂચવે છે. સારણી મુજબ, Mann–Whitney U = 525.00, Z મૂલ્ય = -1.007, અને *p* મૂલ્ય 0.314 છે. પ્રાપ્ત થયેલું *p* મૂલ્ય (0.314) 0.05 કરતાં વધારે હોવાથી પરિણામ આંકડાકીય રીતે મહત્વપૂર્ણ નથી.

આમ, $p > 0.05$ હોવાથી શૂન્ય ઉત્કલ્પનાને અસ્વીકાર થતો નથી. એટલે કે, અભ્યાસ કરાયેલ ચલ બાબતે આર્ટ્સ અને સાયન્સ વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત જોવા મળતો નથી.

Ho5 સાયન્સ અને કોમર્સ વિદ્યાશાખાના પરિણીત દંપતીએ "સજ્જતા માપદંડ" પર મેળવેલ સરેરાશ પ્રામાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સારણી-૬**

**સાયન્સ અને કોમર્સ વિદ્યાશાખાના પરિણીત દંપતીઓએ પંચકોશ વિકાસ માપદંડ પર મેળવેલ પ્રામાંકોનું U મૂલ્ય દર્શાવતી સારણી**

| Ranks | | | | |
|---|---|---|---|---|
| | Discipline | N | Mean Rank | Sum of Ranks |
| Total | સાયન્સ | 39 | 35.00 | 1365.00 |
| | કોમર્સ | 37 | 42.19 | 1561.00 |
| | Total | 76 | | |

| Test Statistics[a] | |
|---|---|
| | Total |
| Mann-Whitney U | 585.000 |
| Wilcoxon W | 1365.000 |
| Z | -1.420 |
| Asymp. Sig. (2-tailed) | .155 |
| a. Grouping Variable: Discipline | |

બે સ્વતંત્ર સમૂહો વચ્ચે આપેલ ચલ વચ્ચે તફાવત છે કે નહીં તે તપાસવા માટે Mann–Whitney U ટેસ્ટ કરવામાં આવ્યો. સારણી-૬ અનુસાર કોમર્સ અને સાયન્સ વિદ્યાશાખાના પરિણીત દંપતીઓએ પંચકોશ વિકાસ માપદંડ પર મેળવેલ સરાસરી ક્રમાંક અનુક્રમે 35.00 અને 42.19 છે. બન્ને સમૂહોના સરેરાશ ક્રમોમાં

દેખીતો તફાવત જોવા મળે છે, જે પ્રાથમિક રીતે તફાવત સૂચવે છે. સારણી મુજબ, Mann–Whitney U = 585.00, Z મૂલ્ય = -1.420, અને *p* મૂલ્ય 0.155 છે. પ્રાપ્ત થયેલું *p* મૂલ્ય (0.155) 0.05 કરતાં વધારે હોવાથી પરિણામ આંકડાકીય રીતે મહત્વપૂર્ણ નથી.

આમ, $p > 0.05$ હોવાથી શૂન્ય ઉત્કલ્પનાને અસ્વીકાર થતો નથી. એટલે કે, અભ્યાસ કરાયેલ ચલ બાબતે કોમર્સ અને સાયન્સ વચ્ચે કોઇ નોંધપાત્ર તફાવત જોવા મળતો નથી.

**તારણો** :

1. સંશોધન પરથી જાણવા મળે છે કે ગુજરાતના પરિણીત દંપતીઓમાં માતાપિતા બનવા માટેની સજ્જતાનું સ્તર સામાન્ય રીતે ઓછું જોવા મળે છે. કુલ દંપતીઓમાંથી માત્ર ૨૨.૯૩% દંપતીઓમાં સંતાન પ્રાપ્તિ અંગે ઉચ્ચ સજ્જતા જોવા મળી હતી. ૧૩.૭૭% દંપતીઓમાં માતાપિતા બનવા માટેની મધ્યમ સજ્જતા નોંધાઈ હતી. સૌથી વધુ એટલે કે ૬૩.૩% દંપતીઓમાં સંતાન પ્રાપ્તિ સંદર્ભે નિમ્ન સજ્જતા જોવા મળી હતી.

   આ તારણો દર્શાવે છે કે મોટા ભાગના પરિણીત દંપતીઓ માતાપિતા બનવા માટેની સભાનતા, શારીરિક, પ્રાણિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક તૈયારી સંદર્ભે સજ્જતામાં પાછળ છે. તેથી, દંપતીઓમાં પ્રિકન્સેપ્શન કેયર, ગર્ભાધાન પૂર્વ સલાહ અને દંપતી શિક્ષણ અંગે જાગૃતિ વધારવાની જરૂરિયાત સ્પષ્ટ થાય છે.
2. અભ્યાસ કરાયેલ ચલ બાબતે પુરુષ અને સ્ત્રી વચ્ચે કોઈ આંકડાકીય રીતે નોંધપાત્ર તફાવત જોવા મળ્યો નથી. આથી સ્પષ્ટ થાય છે કે બંને પુરુષ અને સ્ત્રીમાં સજ્જતાનું સ્તર સમાન છે. આ પરિણામો સૂચવે છે કે આ ચલના સંદર્ભમાં જાતિ આધારિત ચલની નોંધપાત્ર અસર જોવા મળતી નથી. તેથી, ભવિષ્યમાં આ ક્ષેત્રે આયોજન કરવામાં આવતા કાર્યક્રમો, હસ્તક્ષેપો અથવા નીતિઓ સ્ત્રી અને પુરુષને સમાન મહત્ત્વ આપીને અમલમાં મૂકી શકાય.
3. અભ્યાસ કરાયેલ ચલ બાબતે નૌકરી અને વ્યવસાય સાથે સંકળાયેલા પરિણીત દંપતીઓ વચ્ચે કોઈ આંકડાકીય રીતે નોંધપાત્ર તફાવત જોવા મળ્યો નથી. આથી સ્પષ્ટ થાય છે કે રોજગારના પ્રકાર (નૌકરી અથવા વ્યવસાય)ના આધારે દંપતીઓમાં આ ચલ સંબંધિત સ્તરમાં મહત્ત્વપૂર્ણ ભિન્નતા જોવા મળતી નથી. જો કે, આંકડાકીય રીતે નોંધપાત્ર ન હોવા છતાં, બંને સમૂહો વચ્ચે તફાવતની એક નિશ્ચિત વૃત્તિ જોવા મળે છે.

   આ પરિણામ સૂચવે છે કે નમૂનાના કદ, પરિસ્થિતિગત પરિબળો અથવા અન્ય સામાજિક-આર્થિક પરિબળોને ધ્યાનમાં લઈને ભવિષ્યના અભ્યાસોમાં વધુ ઊંડાણપૂર્વક સંશોધન કરવાની આવશ્યકતા રહે છે, જેથી આ વૃત્તિની સ્પષ્ટ પુષ્ટિ કરી શકાય.
4. શૈક્ષણિક પ્રવાહ (આર્ટ્સ અને કોમર્સ)ના આધારે આ ચલ સંબંધિત સ્તરમાં મહત્ત્વપૂર્ણ ભિન્નતા જોવા મળતી નથી. બંને વર્ગોમાં આ ચલ અંગે સમાન પ્રકારની સજ્જતા જોવા મળે છે. તેથી, આ ક્ષેત્રે કરવામાં આવનાર ભવિષ્યના અભ્યાસો અને હસ્તક્ષેપ કાર્યક્રમોમાં તમામ વિદ્યાશાખાઓને સમાન મહત્ત્વ આપીને આયોજન કરી શકાય.

5. શૈક્ષણિક પ્રવાહ (આર્ટ્સ અને સાયન્સ)ના આધારે આ ચલ સંબંધિત સ્તરમાં મહત્ત્વપૂર્ણ ભિન્નતા જોવા મળતી નથી. બંને વર્ગોમાં આ ચલ અંગે સમાન પ્રકારની સજ્જતા જોવા મળે છે. તેથી, ભવિષ્યમાં આ ક્ષેત્રે કરવામાં આવનાર સંશોધન અને હસ્તક્ષેપ કાર્યક્રમોમાં તમામ વિદ્યાશાખાઓને સમાન મહત્વ આપીને આયોજન કરી શકાય.
6. શૈક્ષણિક પ્રવાહ (કોમર્સ અને સાયન્સ)ના આધારે આ ચલ સંબંધિત સ્તરમાં મહત્ત્વપૂર્ણ ભિન્નતા જોવા મળતી નથી. બંને વર્ગોમાં આ ચલ અંગે સમાન પ્રકારની સજ્જતા જોવા મળે છે. તેથી, ભવિષ્યમાં આ ક્ષેત્રે કરવામાં આવનાર સંશોધન અને હસ્તક્ષેપ કાર્યક્રમોમાં તમામ વિદ્યાશાખાઓને સમાન મહત્વ આપીને આયોજન કરી શકાય.

**સારાંશ** :

પ્રસ્તુત સંશોધનના આધારે કહી શકાય કે ગુજરાત રાજ્યના પરિણીત દંપતીઓ શ્રેષ્ઠ સંતાન પ્રાપ્તિ માટેની સજગતા કેળવી શકે તેવાં પ્રયત્નો કરવા જોઈએ. ભારતીય જ્ઞાન પરંપરાને કેન્દ્રમાં રાખીને ગૃહસ્થાશ્રમીઓ પોતાની જવાબદારીનું સભાનપણે નિર્વહન કરી શકે તે હેતુથી વિવિધ જાગૃતિ કાર્યક્રમો કરવાની તાતી જરૂરિયાત છે.

**સંદર્ભ સાહિત્ય** :

1. કાટદરે, (2010). અધિજનનશાસ્ત્ર. અમદાવાદ;પુનરુત્થાન પ્રકાશન સેવા ટ્રસ્ટ.
2. आपस्तम्ब (2002). आपस्तम्बग्रह्मासूत्रम्. वाराणसी, चौखम्भा संस्कृत संस्थान.
3. शंकराचार्य, (2003). छान्दोग्योपनिषद् (शांकर भाष्य हिन्दी अनुवाद सहित) गोरखपुर, गीता प्रेस.
4. शास्त्री. (1952). मनुस्मृतिः (सविमर्श 'मणिप्रभा'हिन्दीटीकासहिता).बनारस, चौखम्बा संस्कृत सीरिज आफिस.
5. शर्मा, यु. (1973). ऋग्वेद-संहिता. वाराणसी, चौखम्भा विद्याभवन.
6. Ekstrand Ragnar, M., Tydén, T., Kihlbom, U., & Larsson, M. (2016). Swedish parents' interest in preconception genetic carrier screening. *Upsala Journal of Medical Sciences, 121*(4), 289–294.
7. Hussein, N., Kai, J., & Qureshi, N. (2016). The effects of preconception interventions on improving reproductive health and pregnancy outcomes in primary care: A systematic review. *European Journal of General Practice, 22*(1), 42–52.
8. Maria Ekstrand Ragnar, Maria Grandahl, Jenny Stern & Magdalena Mattebo (2018) Important but far away: adolescents' beliefs, awareness and experiences of fertility and preconception health, The European Journal of Contraception & Reproductive Health Care, 23:4, 265-273.
9. Marjolein Poels, Henk F. van Stel, Arie Franx & Maria P. H. Koster (2018) The effect of a local promotional campaign on preconceptional lifestyle changes and the use of preconception care, The European Journal of Contraception & Reproductive Health Care, 23:1, 38-44.
10. Mello, S., Stifano, S., Tan, A. S. L., Sanders-Jackson, A., & Bigman, C. A. (2020). Gendered conceptions of preconception health: A thematic analysis of men's and women's beliefs about responsibility for preconception health behavior. *Journal of Health Communication, 25*(5), 374–384.

11. Michelle St. Fleur, Karla Damus & Brian Jack (2016) The future of preconception care in the United States: multigenerational impact on reproductive outcomes, Upsala Journal of Medical Sciences, 121:4, 211-215.
12. Ojukwu, O., Patel, D., Stephenson, J., Howden, B., & Shawe, J. (2016). General practitioners' knowledge, attitudes and views of providing preconception care: A qualitative investigation. *Upsala Journal of Medical Sciences, 121*(4), 256–263.
13. Orta, O. R., Tworoger, S. S., Terry, K. L., Coull, B. A., Gelaye, B., Kirschbaum, C., Sanchez, S. E., & Williams, M. A. (2019). Stress and hair cortisol concentrations from preconception to the third trimester. Stress, 22(1), 60–69.
14. Pandeya, R. B. (1949). *Hindu Samskaras: A Socio-religious study of the Hindu sacraments*. Banaras, Vikrama Publications.
15. Samantha Meltzer-Brody & Ian Jones (2015) Optimizing the treatment of mood disorders in the perinatal period, Dialogues in Clinical Neuroscience, 17:2, 207-218.
16. Sissons, A., Grant, A., Kirkland, A., & Currie, S. (2020). Using the theoretical domains framework to explore primary health care practitioners' perspectives and experiences of preconception physical activity guidance and promotion. *Psychology, Health & Medicine, 25*(7), 844–854.